# :: હંગામી જાહેરનામું ::

ધી ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી, અન્વયે કાઢેલ હુકમ
ક્રમાંકઃટ્રાફિક/મેટ્રો રેલ/જાહેરનામું/૨૨૯૮૪/૨૦૨૪

પોલીસ કમિશનરની કચેરી,
સુરત શહેર.
તા.૨૩/૧૨/૨૦૨૪

સુરત શહેર વિસ્તારમાં મેટ્રો રેલવે બનાવવાનું કામકાજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. તે અંગે લંબે હનુમાન રોડ પર લંબે હનુમાન રોડની શરૂઆત (જય વિજય રેસ્ટોરંટ)થી લંબે હનુમાન પોલીસ ચોકી સુધી, મસ્કતી હોસ્પિટલથી સુરત હેડ પોસ્ટ-ઓફિસ સુધી તથા ક્રાઇમ બ્રાન્ચ ઓફિસથી એસ.બી.આઇ. બેંક સુધી મેટ્રો રેલના કામકાજ વાળા માર્ગ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધિત જાહેરનામાની મુદ્દત તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજ પૂર્ણ થતા અરજદારશ્રી યોગેન્દ્રપ્રસાદ સિંગ વાસુદેવનારાયણ સિંગ, નોકરી- જે.કુમાર ઇન્ફ્રા. પ્રોજેક્ટ લી. નાઓએ સદર જાહેરનામાની મુદ્દત વધારવા સારૂ મસ્કતી હોસ્પિટલથી સુરત હેડ પોસ્ટ-ઓફિસ સુધીનાં રૂટ પર વૈકલ્પિક રૂટમાં સુધારો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગે અરજી કરેલ છે. જે અરજી અંગે મ.પો.કમિ.શ્રી રીજીયન-૨, ટ્રાફિક શાખા નાઓ દ્વારા હકારાત્મક અભિપ્રાય આપવામાં આવેલ છે. તેમજ નાયબ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફિક, સા.શ્રીનાઓ દ્વારા જાહેરનામા પ્રસિદ્ધ થયે તારીખથી ૦૬ માસ માટેની મુદ્દતમાં વધારો કરવા અંગેનો અભિપ્રાય આપવામાં આવેલ છે. તે ધ્યાને લઇ જાહેરનામા પ્રસિદ્ધ થયે તારીખથી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી લંબે હનુમાન રોડ પર લંબે હનુમાન રોડની શરૂઆત (જય વિજય રેસ્ટોરન્ટ)થી લંબે હનુમાન પોલીસ ચોકી સુધી, મસ્કતી હોસ્પિટલથી સુરત હેડ પોસ્ટ-ઓફિસ સુધી તથા ક્રાઇમ બ્રાન્ચ ઓફિસથી એસ.બી.આઇ.બેંક સુધી મેટ્રો રેલના કામકાજ વાળા માર્ગ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશ્નર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સુરત શહેરમાં મેટ્રોરેલ પ્રોજેક્ટ અન્વયે સુરત રેલ્વે (લંબે હનુમાન) મેટ્રો સ્ટેશન, મસ્કતી હોસ્પિટલ મેટ્રો સ્ટેશન અને ચોકબજાર મેટ્રો સ્ટેશનના ચાલનાર બાંધકામ અનુસંધાને તા.૩૦/૦૯/૨૦૨૪ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબનો રસ્તો બંધ/ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરેલ જેમાં તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી મુદ્દતમાં વધારો કરવા અંગેનો હુકમ કરૂ છું.

## ::પ્રતિબંધિત રૂટ::

(૧) સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત સુરત રેલવે (લંબે હનુમાન) મેટ્રો સ્ટેશનનું બાંધકામ શરૂ કરવાનું હોય જેથી લંબે હનુમાન રોડ પર લંબે હનુમાન રોડની શરૂઆત (જય વિજય રેસ્ટોરન્ટ)થી લંબે હનુમાન પોલીસ ચોકી સુધી વાહન વ્યવહાર માટે રસ્તો બંધ રહેશે.

(૨) મસ્કતી હોસ્પિટલ મેટ્રો સ્ટેશન માટે, રાજમાર્ગ પર મસ્કતી હોસ્પિટલથી સુરત મહિધરપુરા હેડપોસ્ટ ઓફિસ સુધી ભારે (ફોર વ્હીલર કરતા ભારે) વાહન વ્યવહાર માટે રસ્તો બંધ રહેશે.

પોલીસ કમિશ્નર
સત્યમેવ જયતે
સુરત શહેર, સુરત.

(૩) ચોક બજાર મેટ્રો સ્ટેશન માટે ક્રાઇમ બ્રાન્ચ ઓફિસથી એસ.બી.આઇ. બેંક ગાંધીબાગ સર્કલ સુધી વાહન વ્યવહાર માટે રસ્તો બંધ રહેશે.

(૪) રાજમાર્ગ તરફથી જે વાહનો કમાલ ગલીનો ઉપયોગ કરી ગાંધીબાગ સર્કલ તરફ આવતા હતા તે આવી શકશે નહિ.

## ::વૈકલ્પિક રૂટ::

(૧) લંબે હનુમાન રોડ પર જે. બી. ડાયમંડ સર્કલ તરફથી દિલ્હી ગેટ અને રીંગ રોડ તરફ આવવા માટે લંબે હનુમાન પોલીસ ચોકીથી વરાછા મેઇન રોડ રોડથી, આયુર્વેદિક કોલજ સર્કલથી સ્ટેશન રોડ (One Way) અથવા લાલ દરવાજા રોડનો ઉપયોગ કરી શકાશે. અને કતારગામ તરફ જવા વરાછા મેઇન રોડ પરથી લાલ દરવાજા રોડ થઇને જઇ શકાશે. તેમજ દિલ્હી ગેટથી સુરત રેલ્વે સ્ટેશન અથવા વરાછા મેઇન રોડ ઉપર જવા માંગતા વાહનો સુરત રેલ્વે સ્ટેશનના વન વે રોડ અને લાલ દરવાજા રોડ પરથી જઇ શકશે. સાથે જ GSRTC બસ ડેપો અને ખારવા ચાલના રહેવાસીઓએ અલગથી ૪ મીટર આપવામાં આવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૨) સ્ટેશન રોડ પર મોતી ટોકિઝ (પાણીની ટાંકી) તરફથી મહિધરપૂરા તરફ જવા માટે ટ્રાફિકને દારૂખાના રોડથી મહિધરપુરા રોડ પર જઇ શકાશે. રાજમાર્ગથી ભાગળ અને ચોક બજાર તરફ જવા માટે દારૂખાના રોડથી મહિધરપુરા મેઇન રોડથી, ઘી કાંટા રોડથી, કાંસકી વાડ રોડ પરથી ભાગળ ચાર રસ્તા પર આવી શકાશે અથવા બેગમપુરા રોડથી, ઝાંપા બજાર રોડ અને બંદરી રોડ (One way) પરથી રાજમાર્ગ પર આવી શકાશે. સાથે જ ચોક બઝાર અને ભાગળ ચાર રસ્તાથી સ્ટેશન તરફ જવા પીરછાડી રોડ (One way) અથવા કાસકીવાડ રોડ થી ઘી કાંટા રોડથી, મહિધરપુરા મેઇન રોડથી લક્કડ શેરી અને દારૂખાના રોડનો ઉપયોગ કરીને સ્ટેશન પર આવી શકાશે. તેમજ ટાવરથી મોતી ટોકીઝ તરફ જવા માટે ૦૩ મીટરનો રોડ લાઇટ વ્હીકલ [(ટુ-વ્હીલર, અને થ્રી-વ્હીલર(પેસેન્જર રીક્ષા અને લોડીંગ રીક્ષા)] તથા રાહદારીઓને ફકત ટાવરથી મોતી ટોકીઝ તરફ જવા માટે (One way) ખુલ્લો રહેશે પરંતુ મોતી ટોકીઝથી ટાવર સુધીનો માર્ગ આવવા માટે તમામ પ્રકારનાં વાહનો માટે બંધ રહેશે. સાથે જ સ્થાનિક રહેવાસીઓએ બાંધકામના સ્થળે અલગથી આપવામાં આવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૩) ચોક બજાર મેટ્રો સ્ટેશન માટે ક્રાઇમ બ્રાન્ચ ઓફિસથી એસ.બી.આઇ. બેંક ગાંધીબાગ સર્કલ સુધીનો રસ્તો બંધ રહશે. પરંતુ રાજમાર્ગથી નેહરુ બ્રિજ પર જવા અને આવવા નાના વાહનોને ચોક બઝાર ચાર રસ્તાથી રસ્તો આપવામાં આવશે. રાજમાર્ગથી ગાંધી બાગ, વિવેકાનંદ સર્કલ જવા માટે અનસુયન રોડ (One way), ચારા ગલી (One way) થી જઇ શકાશે, અને વિવેકાનંદ સર્કલથી રાજમાર્ગ જવા માટે રંગ ઉપવન રોડ (One way), કમાલ ગલી (One way) રોડનો ઉપયોગ કરી શકાશે. ગાંધી બાગ તરફથી નેહરુ બ્રિજ આવવા અને જવા માટે એસ.બી.આઇ. બેંક પાછળના રસ્તાથી જઇ શકાશે. સાથે જ મુગલીસરા અથવા SMC મેઇન ઓફિસ તરફ જવા માટે નાણાવટ રોડનો નાના વાહનો એજ ઉપયોગ કરવાનો રહશે અને ફોર-વ્હીલર જેવા મોટા વાહનોએ ચંદ્રશેખર આઝાદ બ્રિજ (જીલાની બ્રિજ) નો ઉપયોગ કરવાનો રહેશે.

(૪) ગાંધીબાગ સર્કલથી રાજમાર્ગ જવા માટે કમાલ ગલીનો ઉપયોગ કરી રાજમાર્ગ તરફ જઇ શકાશે.

**નોંધ : ઉપર્યુક્ત સમગ્ર માર્ગ "નો-પાર્કિંગ ઝોન" રહેશે.**

પોલીસ કમિશ્નર
સત્યમેવ જયતે
સુરત શહેર, સુરત.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એબ્યુલન્સ તથા અન્ય ઇમરજન્સી વાહનો જેમ કે પોલીસના વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિધ્ધ થયે તારીખથી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતાં અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ તથા લાગુ પડતી અન્ય કાનુની જોગવાઇઓ સહિત ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૩/૧૨/૨૦૨૪ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર ★ ★ સત્યમેવ જયતે સુરત શહેર, સુરત.

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશયલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)
(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૨૦) જનરલ મેનેજરશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ, સુરત.

પોલીસ કમિશ્નર સુરત શહેર, સુરત.